# ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ભગવો

## જિલ્લા પંચાયતની ૨૮ માંથી ૧૯ બેઠકો પર ભાજપનો ભવ્ય વિજય જ્યારે કોંગ્રેસ સીંગલ ડીઝીટ ૯ માં સમેટાયુ







ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ૨૦ વર્ષ બાદ ભારતીય જનતા પક્ષે જિલ્લા પંચાયતમાં એકલા હાથે બહુમતિ પ્રાપ્ત કરી અને ભવ્યાતિભવ્ય વિજય મેળવ્યો છે.

જિલ્લા પંચાયતની ૨૮ બેઠક માટે યોજાયેલ ચૂંટણીમાં ભાજપે ૧૯ બેઠકો પર તો સત્તાધારી કોંગ્રેસ પાર્ટી માત્ર ૯ બેઠકો પર વિજયી બની છે.

આજે સવારે જિલ્લામાં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટે ૪ તાલુકામાં મતગણતરી હાથ ધરવામાં આવી હતી અને ભાજપે પ્રથમથી જ પોતાનો વિજયરથ વેગીલો ચલાવ્યો હતો.

ચૂંટણી વ્યવસ્થાપનમાં ફ્રન્ટ રનર રહેલા ભાજપે આજે વિજયી દોડ લગાવી હતી. ભાજપે ગાંધીનગર તાલુકાની ૮ માંથી ૭ બેઠકો, દહેગામમાં ૭ માંથી ૫ બેઠકો અને માણસામાં ૭ બેઠકોમાંથી ૫ બેઠકો પર વિજય મેળવ્યો હતો જ્યારે કલોલમાં ૬ બેઠકોમાંથી ૨ બેઠકો પર વિજય મેળવ્યો હતો.

મતગણતરીનું પ્રથમ પરિણામ બિલોદરા બેઠકનું આવ્યુ હતુ તે ભાજપની તરફેણમાં ગયુ હતુ. કોંગ્રેસને મળેલા આ આંચકામાંથી કોંગ્રેસ ઉભી જ થઈ શકી ન હતી.

આ પછી ગાંધીનગર તાલુકાની અડાલજ બેઠક પર ભાજપે ૬ હજાર મતનો ભવ્ય વિજય હાંસલ કરી અને ભવ્યાતિભવ્ય વિજયનો શંખનાદ કર્યો હતો. અડાલજ બેઠક પર ભાજપે મેળવેલ આ જીત એ સૌથી મોટી સરસાઈ ધરાવતી બેઠક બનીને પરિણામના અંતે ઉભરી આવી છે.

દહેગામમાં એક પછી એક બેઠક પર વિજય મેળવતી ભાજપે જોતજોતામાં પાંચ બેઠકો પર વિજય મેળવી લીધો હતો. જ્યારે કોંગ્રેસે બહિયલ અને હરખજીના મુવાડા પર વિજય નોંધાવ્યો હતો. બપોરના બે વાગ્યા સુધીમાં દહેગામની જિલ્લા પંચાયતની બધી બેઠકોના પરિણામ જાહેર થઈ ગયા હતા.

દહેગામમાં કડજોદરા બેઠક પર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીનો નાલેશીભર્યો પરાજય થયો હતો. તેઓ ૩૧૦૦થી વધુ મતે પરાજિત થતાં કોંગ્રેસ લગભગ ધ્વસ્ત થઈ ચુકી હતી.

કલોલમાં બોરીસણા અને પલિયડની બેઠક પર ભાજપે વિજય મેળવી કોંગ્રેસને અતિભારે આંચકો આપ્યો હતો. પલિયડ બેઠક પર વિસર્જીત પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલનો ધમાસણાના અનિલ પટેલ સામે ૯૦૬ મતે પરાજય થયો હતો. તો બોરીસણાની બેઠક ૧૭૦૦ થી વધુ મતે કોંગ્રેસે ગુમાવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### જનાદેશનો સ્વીકાર કરી સરઘાસાકારે પરાજિત અપક્ષ ઉમેદવારે જનતા ઋણનો સ્વીકાર કર્યો

દહેગામ નગરપાલિકામાં ૧૦૦ મતે પરાજય મેળવનાર બિમલભાઈ મુખીએ આજે પરાજય પછી એક અનોખુ સરઘાસાકારે તેમના વિસ્તારમાં જનતાના ઋણ સ્વીકાર માટે નીકળ્યા હતા.

દહેગામના પૂર્વ ધારાસભ્ય ચતુરભાઈ મુખી પરિવારના બિમલભાઈ મુખીએ દહેગામમાં અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. તેમણે જનાદેશનો સ્વીકાર કરી અને વિજય જેવો સન્માનજનક પરાજય કહી એક હકારાત્મક અભિગમ સાથે જનતાના ઋણ સ્વીકાર માટે ખુલ્લી જીપમાં પરિવારના સભ્યો સાથે વિસ્તારમાં ફર્યા હતા.

### ભાજપમાં કોણ કોણ વિજયી થયા

| | |
|---|---|
| સાદરા | દિલીપભાઈ પટેલ |
| સરઢવ | હંસાબેન પટેલ |
| ડભોડા | મીનાબેન ઠાકોર |
| પલિયડ | અનિલભાઈ પટેલ |
| ઈટાદરા | શિલ્પાબેન પટેલ |
| લોદરા | કલ્પેશભાઈ |
| બોરીસણા | દિનેશજી ઠાકોર |
| સાણોદા | ગુણવંતસિંહ ચાવડા |

### કોંગ્રેસમાં કોણ કોણ હાર્યુ

| | |
|---|---|
| બોરીસણા | ગણપતસિંહ ઠાકોર |
| કડજોદરા | સૂર્યસિંહ ડાભી |
| પલિયડ | ભરતભાઈ પટેલ |
| સાદરા | અરવિંદસિંહ સોલંકી |
| ઉવારસદ | નરેશજી ઠાકોર |
| ચરાડા | કીર્તિબેન પંકજભાઈ પટેલ |

### કોંગ્રેસમાં કોણ કોણ જીત્યુ

| | |
|---|---|
| સોજા | અજીતસિંહ રાઠોડ |
| છાલા | શનાભાઈ પટેલ |
| સાંતેજ | રશ્મિજી ઠાકોર |

### જિલ્લાની ચાર બેઠક પર એક હજારથી ઓછા મતે વિજય

**૩ બેઠક પર ભાજપ તો એક પર કોંગ્રેસ વિજયી**

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૩ બેઠકો પર ભાજપનો એક હજાર કરતાં ઓછા મતે વિજય થયો હતો. જેમાં દહેગામ તાલુકાની હાલીસા, કલોલની પલિયડ અને ગાંધીનગર તાલુકાની સાદરા બેઠકનો સમાવેશ થાય છે.

કોંગ્રેસે મહુડીની બેઠક પર એક હજાર કરતાં ઓછા મતે વિજય મેળવ્યો હતો.

### માણસામાં ભાજપના કલ્પેશભાઈ પટેલે ૪૮૮૮ મતે, અજીતસિંહે ૪૮૩૧ મતોની સરસાઈ મેળવી

**કોંગ્રેસમાં અજીતસિંહ સૌથી વધુ મતે વિજય મેળવ્યો**

કોંગ્રેસ પક્ષમાં સૌથી મોટી સરસાઈથી સોજાની બેઠક પર અજીતસિંહ રાઠોડ તો ભાજપમાં લોદરા બેઠકના કલ્પેશભાઈ પટેલનો ૪૮૮૮ મતે વિજય થયો છે.

આ પછી ભાજપમાં લોદરા બેઠક પર ૪૮૮૮ મતે વિજય મેળવ્યો છે તે સરસાઈ આવે છે. જ્યારે ત્રીજા ક્રમે ઈટાદરા બેઠક પર ૩૮૮૮ મતે ભાજપે વિજય મેળવ્યો છે. આ બેઠક પર બે શિક્ષક પત્નીઓનો જંગ હતો.

કોંગ્રેસે સૌથી વધુ સરસાઈ સોજા બેઠક પર મેળવી છે. કોંગ્રેસના અજીતસિંહ રાઠોડે આ બેઠક પર ૪૮૩૧ મતે વિજય મેળવ્યો હતો. આ પછી સાંતેજ બેઠક પર કોંગ્રેસના રશ્મિજી ઠાકોરે પૂર્વ પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરને ૨૦૩૭ મતે પરાજય આપ્યો હતો.

### પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોરના પુત્રનો તાલુકા પંચાયતમાં પરાજય

માણસાના પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોરના પુત્ર અભયસિંહ ઠાકોરનો માણસા તા. પંચાયતની ધોળાકુવા બેઠક પર પરાજય થયો છે. આ બેઠક પર ભાજપના ઉમેદવારે વિજય પ્રાપ્ત કર્યો છે.

ઈટાદરા જિલ્લા પંચાયત બેઠકમાં આવતી બેઠક પર આ જંગે સૌનુ ધ્યાન ખેંચ્યુ હતુ. ઈટાદરા બેઠક પર ભાજપના શિલ્પાબેન જયેશભાઈ પટેલનો વિજય થયો છે. ગત સામાન્ય ચૂંટણીમાં શિલ્પાબેનના પતિ જયેશભાઈ પટેલનો પરાજય થયો હતો

ઈટાદરા બેઠક પર બે શિક્ષકોની પત્નીઓ વચ્ચેનો જંગ હતો. ભાજપ વતી આ ચૂંટણીમાં સંચાલન માટે ગાંધીનગર શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ(દાસે) પણ અન્ય ત્રણ સ્થાનિક આગેવાનો સાથે જવાબદારી સંભાળી હતી.



ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ રવિ શાસ્ત્રીએ કોવિડ-૧૯ વેક્સીનનો પહેલો ડોઝ લઈ લીધો છે અને મેડિકલ પ્રોફેશનલ્સનો આભાર માન્યો છે. રવિ શાસ્ત્રીએ આ વેક્સીન અમદાવાદની અપોલો હૉસ્પિટલમાં લીધી છે. કોચ શાસ્ત્રીએ વેક્સીન લેતી વખતની પોતાની તસવીર પોતાના ઓફિશિયલ ટ્વીટર હેન્ડલથી શૅર કરી છે.

## શહેરના ત્રણ રંગમંચના રીનોવેશનનુ કામ પુર્ણ હવે કાર્પોરેશને સોંપી દેવાશે

**સે-૮, સે-૨૪ અને સે-૨૭ ના રંગમંચના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૪.૫૦ કરોડનો ખર્ચ કરાયો : કોરોનામાં લોકડાઉનના લીધે કામ પુરુ થવામાં વધુ સમય લાગ્યો**

ગાંધીનગર તા ૨

શહેરમાં દાયકાઓના અંતે રંગમંચના રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં કંગાળ બનેલા રંગમંચ રાત્રિના સમયે દુષણોનો અડ્ડો બન્યા હતા જયારે જાળવણીના અભાવે લોકઉપયોગી ન બનતા રંગમંચની દશા સુધારવા માટે તંત્ર દ્વારા રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી સે-૮ સે-૨૪ અને સે-૨૭ ના રંગમંચના રીનોવેશન માટે અંદાજિત રૂ ૪.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે કોરોનાના લીધે રીનોવેશનની કામગીરી વિલંબથી પુરી થઈ છે. ત્યારે હવે આ રંગમંચોને કોર્પોરેશનને સોંપવા માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.

શહેરના સેકટરોમાં કલાકારોને સ્ટેજ પુરુ પાડવા એક જમાનામાં નિર્માણ કરાયેલા રંગમંચોનુ દાયકાઓના અંતે રીનોવેશન કરવામાં આવી રહ્યુ છે. જાળવણીના અભાવે રંગમંચો છેલ્લા ઘણાં સમયથી ખંડેર હાલતમાં જોવા મળી રહ્યા હતા જેના લીધે રંગમંચમાં રાત્રિના સમયે દુષણો પાંગરતા હોવાનો રોષ પણ પ્રબળ બન્યો હતો. આવા સંજોગોમાં રંગમંચ લોકઉપયોગી બને તે માટે તંત્ર દ્વારા તબક્કવાર સેકટરોમાં રંગમંચોનુ રીનોવેશન હાથ ધરાયુ હતુ. આ દરમિયાન સે-૮, સે-૨૪ અને સે-૨૭ ના રંગમંચનુ પણ રીનોવેશન કરવામાં આવ્યુ છે. કોરોના કાળ પુર્વે આ રંગમંચોની કાયાપલટ કરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જયારે કોરોનામાં લોકડાઉનના લીધે આ કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

## બધે ભલે ભાજપ પણ પાટનગરમાં 'નવું' થવાના એંધાણ વર્તાય છે..!!

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં મહાનગરપાલિકાઓના પરિણામોએ ભાજપને વિજયોત્સવ મનાવવાનો અવસર પુરો પાડ્યો હતો તેમાં હવે પંચાયતોના પરિણામોએ ઉત્સાહનું ઘી પુર્યુ છે.

જો કે આ પરિણામોમાં એક વાત ઉડીને આંખે વળગે તેવી એ છે કે કોંગ્રેસ હજુ પણ પ્રજાની નાડ પારખવામાં ઉણી ઉતરી રહી છે જયારે આ પરિણામોમાં ગુજરાતમાં પહેલીવાર નવી શક્તિઓના અંકુર ફુટ્યા છે જે આગામી સમયમાં નવા સમીકરણો સર્જાવાની શક્યતાના વાવડ પુરાં પાડી રહ્યાં છે. હવે ગાંધીનગર મહાનગરપાલિકા જે અત્યાર સુધી ભાજપે જીત્યાં વગર જ હાંસલ કરી છે તેની ચૂંટણીઓમાં પણ ત્રીજી શક્તિ નજર માંડી રહી છે, આ "શક્તિ" આપ પાર્ટી બની શકે છે કે અન્ય કોઈ તે તો સમય જ જણાવશે.

ગાંધીનગરમાં ભાજપે કોંગ્રેસની જીતેલી બાજીને હાથમાંથી આંચકી સત્તા હસ્તગત કરવામાં સફળતા તો મેળવી છે પરંતુ છેલ્લાં કેટલાંક સમયથી શહેરમાં ભાજપમાં પણ જુથવાદ વકર્યો છે તે સાથે મનપાના વિકાસ કાર્યોમાં અણઆવડત તથા ભ્રષ્ટાચારના આક્ષેપો પણ જોવા મળી રહ્યાં છે. ગાંધીનગર કોંગ્રેસમાં ત્રણ જુથ કાર્યરત હતા અને તેમની ટાંટીયાં ખેંચના કારણે દર વખતે હોઠે આવેલો કોળિયો છીનવી લેવામાં ભાજપ સફળ રહ્યું છે પરંતુ અત્યારે ગાંધીનગર શહેર ભાજપ

● અનુસંધાન પાન-૭ પર

**અત્યાર સુધી કોંગ્રેસ જીત્યું પણ સત્તા ભાજપે ભોગવી હવે પ્રજા છેતરાવા તૈયાર નથી : સુરત પછી આપની નજર ગાંધીનગર પર : જો કે શહેરનો એક ''ખાસ'' વર્ગ કંઈક અલગ જ મૂડમાં છે**

### મનપાની મર્યાદિત સત્તા સામે દોષના ટોપલાં વધુ..!!

ગાંધીનગર પાટનગર હોવાને કારણે અહીં મહાનગરપાલિકા પાસે દિલ્હીની જેમ સિમિત સત્તા છે, જેના કારણે પ્રજાલક્ષી વિકાસ કાર્યો જે મનપા હસ્તક નથી તેમાં બેદરકારી કે લાલિયાવાડીને દોષ પણ મનપાના સત્તાધીશોને વેઠવાનો આવે છે. કેમ કે સામાન્ય નાગરિક આ ભેદને સમજી શકતો નથી. આ સાથે સિમિત દાયરામાં કરવાના કાર્યો સામે આવતી જંગી ગ્રાન્ટનો ઉપયોગ કરીને યેનકેન પ્રકારે ખર્ચા હાથ ધરી 'મલાઈ' ખાવાની લાલચ સત્તાધીશો રોકી શકતા નથી તેથી શહેરનો "ખાસ" વર્ગ નારાજ થઈ રહ્યો છે જેના પગલે આ "ખાસ" વર્ગ ગાંધીનગરમાં ત્રીજો વિકલ્પ ઉભો કરવાની ફિરાકમાં છે.

### પાંચમી પુણ્યતિથિએ ભાવાંજલિ



**સ્વ. યશવંતરાય બી. ભટ્ટ**

સ્વર્ગવાસ તા. 3/3/૨૦૧૬

શું આપીએ અંજલી, શબ્દો ઓછી પડે છે.
શું આપીએ પુષ્પાંજલી, પુષ્પો ઓછા પડે છે.
અંજલિ અર્પણ કરીએ તો આંસુ સરી પડે છે.
તસવીર તમારી નિહાળતા અમારું હૈયું રડી પડે છે.

**પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના**

લી.

ગં.સ્વ. ઉર્મિલાબેન વાય. ભટ્ટ
રૂપલ કમલેશભાઈ દવે - રિદ્ધિ-હાર્દિકકુમાર
જિજ્ઞાસા સુકેતુભાઈ મહેતા - નિધિ-નિલકુમાર
દિપલ સમિરભાઈ નાણાવટી
કોશા - નિસર્ગ

### નેહરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર

સરનામું : બ્લોક નં.૧૦/૧, ચ-ટાઈપ, સેક્ટર-૩૦, ગાંધીનગર. ૦૭૯-૨૩૨૬૨૦૦૫

**રાષ્ટ્રીય યુવા વાહિની યોજના હેઠળ સ્વયં સેવકોની ભરતી માટેની અરજી ગાંધીનગર જીલ્લા માટે મંગાવવામાં આવે છે**

- ★ ૧ એપ્રિલ ૨૦૨૧ ના રોજ ૧૮ થી ૨૯ વર્ષના યુવાન ભાઈ / બહેનોની સામાજીક ક્ષેત્ર સેવા કરવા સ્વયં સેવકની ભરતી કરવાની છે.
- ★ સ્વયં સેવકની વધુમાં વધુ ૨ વર્ષ માટે ભરતી કરવામાં આવશે.
- ★ સ્વયં સેવકને દર મહિને રૂા.૫,૦૦૦/- માનદ્ વેતન આપવામાં આવશે. (આ કોઈ પગારવાળી કાયમી નોકરી નથી કે સ્વયં સેવકને કાયમી સરકારી નોકરી માટે દાવો કરવાનો કાયદાકીય અધિકાર પણ નથી.)
- ★ સ્વયં સેવક વિદ્યાર્થી ન હોવો જોઈએ.
- ★ સ્વયં સેવકને આરોગ્ય, સાક્ષરતા, સ્વચ્છતા, લિંગ અને સામાજીક ક્ષેત્ર વગેરેમાં જાગૃતિ અભિયાન જેવા કાર્યક્રમો કરવાના રહેશે.
- ★ આપાતકાલિન પરિસ્થિતિમાં જીલ્લા વહીવટી તંત્રને જયારે જરૂર પડે ત્યારે સેવા આપવાની રહેશે.
- ★ ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ રાષ્ટ્રીય યુવા વાહિની ભરતી માટે યોગ્ય ગણાશે. પરંતુ તેનાથી વધારે ભણતર અને કોમ્પ્યુટર એપ્લીકેશન જાણકાર, નેહરૂ યુવા કેન્દ્રના યુવા મંડળના સભ્ય અને મેન્ટર યુથ કલબના સભ્યને પ્રાધાન્ય આપવામાં આવશે.
- ★ અરજી પત્રક તથા જરૂરી લાયકાત નેહરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર અને તેની વેબસાઈટ ઉપર યોજનાની માહિતી ઉપલબ્ધ છે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૧૫/૦૩/૨૦૨૧ ની રહેશે.
- ★ અરજદાર ગાંધીનગર જીલ્લાનો રહેવાસી હોવો ફરજીયાત છે.

॥ વધુ માહિતી માટે સંપર્ક કરો ॥

જીલ્લા યુવા અધિકારી, નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર ૦૭૯-૨૩૨૬૨૦૦૫

website : www.nyks.nic.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com